# ભારતના ત્રણ પી.એમ. પાકિસ્તાનની ધરતી પર છ વખત ઉતર્યા હતા

## સીએમની વધુ નજીક કોણ નિતીન પટેલ, સૌરભ પટેલ કે શંકર ચૌધરી...!

૧૯મી સાર્ક સમિટનું આમંત્રણ સ્વિકારીને ભારતના પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીએ પાકિસ્તાન જવાનું સ્વિકાર્યું છે. ખુશી છે અને ગમ પણ છે. ખુશી એટલા માટે છે કે નવી કોઈ ફોર્મ્યુલા ઘડી શકાય છે અને ગમ એટલા માટે છે કે અગાઉના પ્રયાસો સફળ થઈ શક્યા નથી. ૨૫ થી ૨૭ જુલાઈ જાય છે. ટીકીટ નહીં મળતાં બળવો થાય છે. કોંગ્રેસમાં જે થાય છે તે હવે ભાજપમાં પણ થાય છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી આવી રહી છે ત્યારે પાર્ટીના આગેવાનો ચોકન્ના બન્યા છે. નેતાઓ કહે છે કે પાર્ટીનું કદ વધે ત્યારે આવાગમન રહેતું હોય છે. આ સંજોગોમાં ધ પાર્ટી વિથ અ

## પારકી નાર બધાને સારી લાગે - પોલિટીક્સમાં પણ આ લાગુ પડી શકે



## અમદાવાદમાં મીની ડિઝનીલેન્ડ આકાર પામી રહ્યુ છે




૧૯૫૩માં પ્રથમ પ્રાઈમ મિનિસ્ટર જવાહરલાલ નહેરૂ પાકિસ્તાન ગયા હતા. ફરીથી તેઓ ૧૯ થી ૧૩ સપ્ટેમ્બર ૧૯૬૦માં પાકિસ્તાન ગયા હતા. ૨૯ થી ૩૧મી ડિસેમ્બર ૧૯૮૮માં રાજીવ ગાંધી પાકિસ્તાનમાં ચોથી સાર્ક સમિટ સંબોધવા ગયા હતા. તેઓએ ફરીથી ૧૬૧૭ જુલાઈ ૧૯૮૯માં વિઝિટ કરી હતી. એનડીએની સરકારના પ્રથમ પ્રાઈમ મિનિસ્ટર અટલ બિહારી વાજપેયી ૧૯૦૨૦ ફેબ્રુઆરી ૧૯૯૯માં અને ત્યારપછી ૪૬ જાન્યુઆરી ૨૦૦૪માં પાકિસ્તાન ગયા હતા. ૧૨મી સમિટનું તેમણે પ્રતિનિધિત્વ કર્યું હતું, જયારે હવે નરેન્દ્ર મોદી ૧૯મી સમિટનું પ્રતિનિધિત્વ કરવા તૈયાર થયા છે અને આવતા

ડિફરન્સ ભાજપનું આ સૂત્ર હતું જે હવે રહ્યું નથી. પ્રદેશ કક્ષાના એક સિનિયર નેતાએ કહ્યું હતું કે ભાજપ હવે પહેલાના જેવો પક્ષ રહયો નથી. કાર્યકરોમાં હિન્દુત્વનું ઝૂનૂન હતું, પાર્ટી અને નેતાઓ પ્રત્યે વફાદારી હતી. નેતાઓમાં સંવેદનશીલતા હતી. આક્ષેપો થાય તો નેતાઓકાર્યકર્તાઓ રડી પડતા હતા. આજે આવું ક્યાંય દેખાતું નથી. હંમેશા પારકી નાર સારી લાગે... તેમ ભાજપના લિડરોને હવે કોંગ્રેસના નેતાઓ સારા લાગી રહ્યાં છે... કોંગ્રેસ મુક્ત ભારત બનાવવા પાર્ટીનું કોંગ્રેસીકરણ થઈ રહ્યું છે. ભાજપના શિસ્તબદ્ધ સૈનિકોને પૂછ્યા વિના કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોને ભાજપમાં ભેળવી દેવાનો પવન ફુંકાયો છે જે સરવાળે પાર્ટી માટે ઘાતક

## સ્માર્ટ ગવર્મેન્ટ ગુજરાતના પ્રધાનો અને ઓફિસરો વૉટ્સએપમાં બિઝી

વર્ષે તેઓ પાકિસ્તાન જવાના છે...

**પારકી નારી બધાંને સારી લાગે ...**

ચૂંટણી આવે એટલે નારાજગી વધે છે, નેતાઓ પાર્ટી બદલે છે. કોઈ આવે છે અને કોઈ

પૂરવાર થાય તેમ છે.

**દિલ્હીમાં હવે ગુજરાતનો દબદબો છે...**

ભારતના રાજકારણમાં ઉત્તરપ્રદેશનો હંમેશા

● અનુસંધાન પાન-૭ પર

# અષાઢી બીજે ભવ્ય રથયાત્રા નીકળશે

**૩૧મી રથયાત્રા ૩૧ કી.મી.ના નિયત હદમાંથી પસાર થશે : હાથી, ઘોડા, પાલખી સાથે ૧૫ જેટલા અશ્વ સવારો જોડાશે : રથયાત્રામાં ૧૦૦ થી વધુ વાહનો પણ હશે : ભગવાન જગન્નાથજી, બલરામ તેમજ સુભદ્રાજીની નવી મૂર્તિના ભાવિકોને દર્શન થશે**






(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૧૨

શહેરમાં આગામી તા. ૧૮ જુલાઈના રોજ ભગવાન જગન્નાથજીની ૩૧મી રથયાત્રા નીકળશે. જય રણછોડ.. માખણચોરના જયઘોષ સાથે સે. ૨૨ પંચદેવ મંદિર પાસેથી સવારે ૭ કલાકે રથયાત્રાનું પ્રયાણ થશે. ભગવાન જગન્નાથજી, બલરામજી તેમજ સુભદ્રાજીની નવી મૂર્તિ તૈયાર કરી દેવાઈ છે. રથયાત્રા નિયત રૂટમાં જ નગરચર્યા કરશે. રથયાત્રામાં હાથી, ઘોડા પાલખી સાથે ૧૦૦ વાહનો જોડાશે. ભગવાનની રથયાત્રામાં આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી ૧૫ થી વધુ અશ્વસવારો પણ આકર્ષણનું કેન્દ્ર બનશે.

ગાંધીનગરમાં વર્ષ ૧૯૮૫થી ભગવાન જગન્નાથજીની રથયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આગામી અષાઢી બીજના રોજ ૩૧મી રથયાત્રા નીકળશે. રથયાત્રા સવારે પંચદેવ મંદિરથી પ્રયાણ કરશે જ્યારે દર વર્ષની જેમ નિયત રૂટમાં આગળ વધશે. રથયાત્રા સમિતિના અધ્યક્ષ ફૂલશંકર શાસ્ત્રી, દિનેશ કાપડીયા, અમૃતભાઈ ઠક્કર તેમજ અરૂણભાઈ બૂચે રથયાત્રાના આયોજન સંદર્ભે પત્રકારોને આજે માહિતી આપી હતી. આગામી રથયાત્રામાં નગરજનોને ભગવાનની નવી મૂર્તિના દર્શનનો લાભ મળશે. રથયાત્રા માટે પ્રસાદની વ્યવસ્થા પણ કરી દેવાઈ છે. જેમાં ૫૦૦ કીલો જાંબુ, કાકડી તેમજ ૧૨૦૦ કીલો મગના પ્રસાદનું વિતરણ કરાશે. રથયાત્રામાં ભજનમંડળીઓ સાથે વિવિધ ૧૦૦ જેટલા વાહનો જોડાશે. જ્યારે પંચદેવમંડળના ૫૦ જેટલા યુવાનો ૩૧ કી.મી.ના યાત્રાના રૂટમાં ભગવાનનો રથ આગળ ધપાવશે. રથયાત્રામાં વિવિધ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર પોલીસ બે શિફ્ટમાં રથયાત્રાનો બંદોબસ્ત સંભાળશે

**કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે અટકાયતી પગલા શરૂ કરાયા : સંવેદનશીલ વિસ્તારોમાં કોમ્બીંગ નાઈટ અને સતત પોલીસ પેટ્રોલીંગ રહેશે**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં અષાઢી બીજે રથયાત્રા દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને શાંતિપૂર્ણ માહોલમાં રથયાત્રા સંપન્ન થાય તે માટે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવશે.

ગાંધીનગર પોલીસ બે શિફ્ટમાં રથયાત્રાનો બંદોબસ્ત સંભાળશે. તો બીજી તરફ સંવેદનશીલ વિસ્તારોમાં ખાસ પેટ્રોલીંગ રાખવામાં આવશે. પોલીસે અટકાયતી પગલાની કામગીરી પણ તેજ બનાવી દીધી છે.

ગાંધીનગર જિલ્લામાં સાદરા, કલોલ, માણસા, દહેગામ અને પેથાપુર ઉપરાંત ગાંધીનગર શહેરમાં

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લાની સવા બસો પોલીસ અમદાવાદ રથયાત્રા બંદોબસ્તમાં જશે

અમદાવાદ રથયાત્રામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે આસપાસના જિલ્લાઓમાંથી પણ પોલીસને બંદોબસ્ત માટે માંગવામાં આવી છે. જેને પગલે ગાંધીનગર જિલ્લામાંથી સવા બસો પોલીસ અધિકારી-કર્મચારીઓ અમદાવાદ રથયાત્રા બંદોબસ્તમાં તૈનાત થશે. જિલ્લામાંથી એક એએસપી, ૯ પી.આઈ., ૧૨ પીએસઆઈ, ૨૦૦ પોલીસ જવાનો અમદાવાદ રથયાત્રા બંદોબસ્તમાં જશે.

# જિલ્લા ઈલેક્ટ્રીસીટી કમિટીઓની રચના

ગાંધીનગર, તા. ૧૨

કેન્દ્ર સરકાર દ્વારા અમલી બનાવાયેલી બે યોજનાઓ અંતર્ગત રાજ્યમાં જિલ્લા કક્ષાએ જિલ્લા ઈલેક્ટ્રીસીટી સમિતિઓની રચના રચના કરવામાં આવી છે.

કેન્દ્રના ઉર્જા મંત્રાલયે તાજેતરમાં દીનદયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતી યોજના અને ઈન્ટીગ્રેટેડ પાવર ડેવલપમેન્ટ સ્કીમ અમલમાં મુકવામાં આવી છે. દીનદયાલ ઉપાધ્યાય ગ્રામ જ્યોતી યોજનાનો મુખ્ય ઉદ્દેશ અલગ ફીડરો, સબ ટ્રાન્સમીશનના મજબુતીકરણ અને ડીસ્ટ્રીબીશન નેટવર્ક તેમજ ગ્રામ્ય વિસ્તારમાં મીટરો લગાવવા અને ગ્રામ વીજળીકરણનો છે.

કેન્દ્ર સરકારની આ બે યોજનાઓના અમલીકરણ માટે રાજ્ય સરકારે રાજ્યના તમામ જિલ્લામાં જિલ્લા ઈલેક્ટ્રીસીટી કમીટીની રચના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ કમીટીઓ જિલ્લાના સીનીયર સંસદસભ્યના અધ્યક્ષપદે રચાશે. જેમાં અન્ય સંસદસભ્યો, જિલ્લા કલેક્ટર, જિલ્લા પંચાયત પ્રમુખ, જિલ્લાના ધારાસભ્યો ઉર્જાક્ષેત્રના જાહેર સાહસોના એક સભ્ય આ સમિતિમાં સભ્ય રહેશે.

જિલ્લા મથકોએ દર ત્રણ મહિને જિલ્લા ઈલેક્ટ્રીસીટી કમીટીની બેઠક બોલાવવાની રહેશે. આ કમિટીએ કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલી બે યોજનાઓના અમલીકરણ માટે મોનીટરીંગ કરવાનું રહેશે.

# દૂધ મંડળીની બે બેઠકોમાં વર્તમાન ડીરેક્ટરોનો વિજય

**સેક્ટર-૧ અને ૮ની બેઠક પર મંગળદાસ પટેલ ૨૩૫ મતે વિજય હાંસલ કર્યો : સેક્ટર-૪ અને ૫માં તેજાભાઈની જીત**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીની બે બેઠકો માટે આજે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં સે. ૧ અને ૮ તેમજ સે. ૪ અને ૫ની બેઠક પર મંડળીના વર્તમાન ડીરેક્ટરો વિજયી જાહેર થયા હતા. મંગળદાસ પટેલ તેમજ તેજાભાઈ દેસાઈનો વિજય થતા ઉત્સાહનો માહોલ છવાઈ ગયો હતો.



ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીને અનુલક્ષી અગાઉ ૧૫ પૈકી ૧૩ બેઠકો માટે ચૂંટણી યોજવામાં આવી હતી. જ્યારે આજે સે. ૧ અને ૮ તેમજ સે. ૪ અને ૫ તેમ બે બેઠકો માટે મતદાન થયું હતું. જેમાં સે. ૧ અને ૮ની બેઠકમાં કુલ ૭૨૭ મતદારો પૈકી ૪૩૨ સભ્યોએ મતદાન કર્યું હતું. જેમાં મંગળભાઈ કે. પટેલને ૩૩૧ જ્યારે હરિફ ઉમેદવાર નિલેશ જે પટેલને ૯૬ મત મળ્યા હતા. જ્યારે ૫ મત રદ થયા હતા. આમ આ બેઠક પર વર્તમાન ડીરેક્ટર મંગળદાસ કે. પટેલનો ૨૩૫ મતે ભવ્ય વિજય થયો હતો. જ્યારે સે. ૪ અને ૫ની બેઠકમાં કુલ ૧૨૮૦ મતદારોમાંથી ૭૭૯ મતદાન થયું હતું. જેમાંથી ૧૨ મત રદ થયા હતા. તેજાભાઈ દેસાઈને ૪૨૯ મત પ્રાપ્ત થયા હતા, જ્યારે તેમના હરિફ ઉમેદવાર અલ્પેશ પ્રજાપતિને ૩૩૮ મત મળ્યા હતા. આ બેઠક ઉપર પણ મંડળીના વર્તમાન ડીરેક્ટર તેજાભાઈ દેસાઈનો ૯૧ મતે ભવ્ય વિજય થયો હતો. દૂધ મંડળીની બે બેઠકોની ચૂંટણીમાં વર્તમાન ડીરેક્ટરોનો વિજય થતા દૂધ મંડળીના કાર્યાલયે પણ ઉત્સાહનું મોજુ ફરી વળ્યુ હતુ. તેમના સમર્થકોએ ગુલાલની છોળો ઉડાડી તેમના વિજયને વધાવી લીધો હતો.

# નિવૃત્ત અધિકારીઓ પોતાના અનુભવો જણાવી શકે તે માટે વેબપોર્ટલ શરૂ કરવા વિચારણા

ગાંધીનગર, તા. ૧૨

રાજ્ય સરકારમાં સેવારત અને નિવૃત્ત સનદી અધિકારીઓ પોતાના અનુભવો જણાવી શકે તે માટે એક વેબપોર્ટલ શરૂ કરવાની દિશામાં રાજ્ય સરકારે સક્રિય વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ થોડા સમય અગાઉ નવી દિલ્હી ખાતે સિવિલ સર્વિસિસ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વડાપ્રધાને કેટલાક મહત્વના સૂચનો કર્યા હતા.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં તાજેતરમાં મળેલી ઉચ્ચ અધિકારીઓની મળેલી એક બેઠકમાં વડાપ્રધાને કરેલા સૂચનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને એવું સૂચન કરવામાં આવ્યું હતું કે સરકારમાં સેવારત અને નિવૃત્ત અધિકારીઓ પોતાના અનુભવો જણાવી શકે તે માટે એક વેબપોર્ટલ શરૂ કરવામાં આવે તો તે અત્યંત ઉપયોગી પુરવાર થાય.

આ સૂચન સંદર્ભે સરકારે આવું વેબપોર્ટલ શરૂ કરવા માટેની કાર્યવાહી કરવા માટે સામાન્ય વહીવટ વિભાગને સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત નિવૃત્ત થનાર અધિકારીઓ તેઓના સમગ્ર સેવાકાળ દરમિયાન થયેલ અનુભવોને ટાંકી પુસ્તક સ્વરૂપે પ્રગટ કરે તો જુનિયર અધિકારીઓ માટે આવા પુસ્તકો ઉત્કૃષ્ટ માર્ગદર્શક બની શકે તેમ છે. તેવું સૂચન પણ આ બેઠકમાં કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વડાપ્રધાને એવું પણ સૂચન કર્યું હતું કે અધિકારીઓ સ્વમાનભેર નિવૃત્ત થાય તે સુનિશ્ચિત કરવું જોઈએ.

સિવિલ સર્વિસીસ ડે ની ઉજવણીમાં નિવૃત્ત અધિકારીઓ ખાસ કરીને જેઓ ૭૫ વર્ષ કે તેથી વધુ ઉપર વટાવી ચૂક્યા હોય તેવા અધિકારીઓને આમંત્રણ આપવું જોઈએ.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ણી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

લવિંગ-ફુદિનાનાં સ્વાદથી સમૃદ્ધ દુનિયાનું સૌ પ્રથમ હર્બલ ધુમ્રપાન જે આપનાં માટે ફાયદાકારક છે
Nirdosh
શરદી, માથાનાં અને શરીરનાં દુખાવા માટે શ્રેષ્ઠ હર્બલ બામ અને તેલ ઓન
હૃદય માટે શ્રેષ્ઠ શેકેલી અળસી
પાન મુખવાસ
દરેક જાણીતા મેડીકલ સ્ટોર્સ પર તથા પાન પાર્લર પર ઉપલબ્ધ.
ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - કુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
STEEL TIGER
KAMDHENU STEEL
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧

મંડપ · કેટરીંગ · લાઈટીંગ · ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com